ક્રમાંકઃગુજકા/વેટ/CST/ ૬/૨૦૦૮-૦૯/જા.૭૨/૬૫

વાણિજ્યિક વેરા કમિશનરશ્રીની કચેરી
ગુજરાત રાજય,
વાણિજ્યિક વેરા ભવન, આશ્રમરોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯
તારીખઃ ૧૩/૦૩/૨૦૦૯

# જા હે ર પ રિ પ ત્ર

વિષયઃ કેન્દ્રીય વેચાણવેરા કાયદા હેઠળ ઓનલાઇન ઇસ્યુ કરવામાં આવેલ ધારાકીય ફોર્મ્સમાં જરૂરી સુધારા-વધારા કરવા બાબત

તા.૧/૭/૨૦૦૮ પછીના આંતરરાજય ખરીદીના વ્યવહારો માટે ઓનલાઇન ફોર્મ ઇસ્યુ કરવા અંગેની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. આ વ્યવસ્થાના અમલ દરમ્યાન ખાતા દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ ફોર્મ્સ નહી મળવા બાબતે અથવા મળેલ ફોર્મ ક્ષતિયુકત હોવા બાબતે રજુઆતો મળેલ છે. આ રજુઆતો અન્વયે નવા ફોર્મ ઇસ્યુ કરવા અંગેની વ્યવસ્થા નીચે મુજબ ગોઠવવામાં આવે છે.

(૧) ફોર્મ ઇસ્યુ કર્યા બાદ વેપારીને ફોર્મ મળતાં પહેલાં ખોવાય અથવા ફોર્મ મળ્યા પછી ખોવાય તે કિસ્સામાં:-

જે કવાર્ટર માટેના ફોર્મ્સ ખોવાયા હોય તે કવાર્ટર માટે આવા ફોર્મ પુનઃ ઇસ્યુ કરવા માટે વેપારીએ નિયત નમુનામાં અરજી સંયુકત કમિશનર કક્ષાએ કરવાની રહેશે. આ અરજી સાથે કેન્દ્રીય વેચાણવેરા (રજીસ્ટ્રેશન એન્ડ ટર્નઓવર) નિયમો,૧૯૫૭ ના નિયમ-૧૨(૨) ની જોગવાઇ મુજબનું ઇન્ડેમ્નીટી બોન્ડ રજુ કરવાનું રહેશે. આ અરજી મળ્યેથી આ અંગેના મોડયુલમાં જણાવ્યા પ્રમાણે જુના ફોર્મનો નંબર અને નવા ફોર્મનો નંબર નાંખી પ્રિન્ટ આઉટ મેળવી સંયુકત કમિશનર કક્ષાએ આ ફોર્મ સબંધિત વેપારીને મોકલી આપવામાં આવશે.

(૨) ઇસ્યુ કરેલ ફોર્મ ક્ષતિયુકત હોવાના કિસ્સામાં:-

ઇસ્યુ કરવામાં આવેલ આવા ફોર્મની વિગતમાં ફેરફાર કરવા માટે વેપારીએ નિયત નમુનામાં અરજી સંયુકત કમિશનર કક્ષાએ કરવાની રહેશે. અરજીની સાથે વેપારીએ વ્યવહારો અંગેની જુની વિગતો તેમજ નવી વિગતો દર્શાવવાની રહેશે. જુની વિગત સામે જે ફેરફાર વેપારી ઇચ્છતા હોય તે

ફેરફારની વિગત સ્પષ્ટપણે દર્શાવવાની રહેશે. આ અરજી સાથે વેપારીએ મેળવેલ મૂળ 'સી' ફોર્મ બીડવાના રહેશે / પરત કરવાના રહેશે. અરજી મળ્યેથી આ અંગેના મોડયુલમાં જણાવ્યા પ્રમાણે જરૂરી ફેરફાર કરી નવા ફોર્મ પ્રિન્ટ કરી તે વેપારીને મોકલી આપવામાં આવશે.

સહી/-
(પી.કે.પૂજારી)
વાણિજ્યિક વેરા કમિશનર
ગુજરાત રાજય, અમદાવાદ

બીડાણઃ અરજીનો નિયત નમુનો

નકલ સવિનય રવાના : (માર્ગદર્શન તથા જરૂરી કાર્યવાહી સારૂ)

૧. અધિક સચિવશ્રી (કર),નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરને બે નકલમાં
૨. વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી,ગુ.રા.,અમદાવાદ
૩. ખાસ વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી ગુ.રા.,અમદાવાદ
૪. અધિક વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના અંગત મદદનીશશ્રી,ગુ.રા.,અમદાવાદ
૫. સઘળા અધિક વાણિજ્યિક વેરા કમિશનરશ્રી,ગુ.રા., અમદાવાદ
૬. સઘળા સંયુકત વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, ગુ.રા.,અમદાવાદ
૭. સઘળા નાયબ વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, ગુ.રા., અમદાવાદ
૮. સઘળા સહાયક વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, ગુ.રા., અમદાવાદ
૯. સઘળા વાણિજ્યિક વેરા અધિકારીશ્રી, ગુ..રા.,અમદાવાદ
૧૦. આ કચેરીની સઘળી શાખાઓ તરફ
૧૧. ૧૦ નકલ મહાપાત્ર તાલીમ શાખાને
૧૨. ૧૦ નકલ દફતર શાખાને
૧૩. ૧૦ નકલ જનસંપર્ક શાખાને
૧૪. એકાઉન્ટ જનરલ અમદાવાદ તરફ
૧૫. ઇ-ગવર્નન્સ સેલને વેબસાઇટ પર મૂકવા અર્થે
૧૬. સઘળા નોંધાયેલ એસોસીએશન તરફ
(ઉપરોકત બાબત આપના મંડળના સભાસદોના ધ્યાન પર લાવી આભારી કરશોજી)

( એન.એ.આચાર્ય )
સંયુકત વાણિજ્યિક વેરા કમિશનર (કાયદા)
ગુજરાત રાજય, અમદાવાદ

From :

TIN: ☐☐☐☐☐☐☐☐☐☐☐

Firm Name : ☐

Address : ☐

To,

The Jt. Commissioner of Commercial Tax,

Division : ☐

**Application For Request For Statutory Forms :**

**I. In case of Forms Lost**

Tax period - Quarter : 1st ☐ 2nd ☐ 3rd ☐ 4th ☐ Year : ☐☐☐☐

Kind of Statutory Form C: ☐ F ☐ H ☐

Serial No. of the Form : | 2 | 4 | | | | | | | |

**II. In case of Modifications in Details of Already issued Forms:**

Tax period - Quarter : 1st ☐ 2nd ☐ 3rd ☐ 4th ☐ Year : ☐☐☐☐

Kind of Statutory Form C: ☐ F ☐ H ☐

Serial No. of the Form: | 2 | 4 | | | | | | | |

| Details : | As printed : | As required : |
|---|---|---|
| No. of Invoices : | | |
| TIN of Seller : | | |
| Seller Name : | | |
| State : | | |
| Amount : | | |